# તકનું નિર્માણ,

## આપણા ભવિષ્યને સુરક્ષિત કરવું

૨૦૧૪ ઓન્ટારિયો બજેટ

Ontario

# ૨૦૧૪ ઓન્ટારિયો બજેટ

## વધુ નોકરીઓ,

## વધુ તકો અને

## વધુ સુરક્ષિત ભવિષ્ય

મજબૂત ઓન્ટારિયો માટે રૂપરેખા ઘડે છે.



નાગરિકોમાં રોકાણ કરીને, અર્થતંત્રનો વિકાસ કરીને, અત્યાધુનિક માળખાંગત સુવિધાનું નિર્માણ કરીને તેમજ ગતિશીલ અને નવીન વ્યાવસાયિક વાતાવરણને પ્રોત્સાહન આપીને આ યોજના નોકરીઓનું સર્જન કરશે.

૨૦૧૩–૨૦૧૪ માટે ખાધનો અંદાજ હવે ૧૧.૩ બિલીયન ડોલર છે, જે ૨૦૧૩ ના બજેટમાં વ્યક્ત કરવામાં આવેલા અંદાજની સરખામણીમાં ૦.૪ બિલીયન ડોલર ઓછો છે. આ બાબત સતત પાંચમા વર્ષે પ્રાંતે અંદાજિત ખાધ કરતા ઓછી ખાધ નોંધાવી હોવાનો પુરાવો છે. સરકાર ૨૦૧૭–૧૮ સુધીમાં બજેટને સંતુલિત કરવા પ્રતિબદ્ધ છે.

૨૦૧૪ ઓન્ટારિયો બજેટ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું બજેટ છે.

# નોકરીઓનું સર્જન



૧૦-વર્ષનો ઇકોનોમિક પ્લાન ઓન્ટારિયોને નવી કારકિર્દીમાં આગળ ધપવા અને ઊંચું વળતર ધરાવતી નોકરીઓ પ્રદાન કરીને વૈશ્વિક પાવર હાઉસ બની જવાના સાધનો પ્રદાન કરશે, જેમાં નીચે મુજબની બાબતો સામેલ છે:

- નવા ૧૦ વર્ષની સ્થાપના, ૨.૫ બિલિયન નોકરીઓ અને રોકાણો આકર્ષવા વ્યવસાયો સાથે ભાગીદારી કરવા પ્રોસ્પેરિટી ફંડ સાથે જોડાણ કરીને ઓન્ટારિયોના વ્યૂહાત્મક ક્ષેત્રોને મજબૂત કરવા અને પ્રાંતના ભવિષ્યના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું.
- લઘુ ઉદ્યોગોને ઊર્જાનું સંરક્ષણ કરવા, ખર્ચનું વ્યવસ્થાપન કરવા અને નાણાં બચાવવા જરૂરી સાધનો પ્રદાન કરવા.
- મોટા ઉદ્યોગોને તેમના વીજળીના ખર્ચ માટે મદદ કરવી.
- ઓન્ટારિયોની નિકાસનું ઝડપથી વિકસી રહેલા બજારોમાં વિસ્તરણ કરવું, જેથી અનેક લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસમાં અને નોકરીઓના સર્જનમાં મદદ થાય.

# પરિવહન અને માળખાંની રચનામાં રોકાણ કરવું




ઓન્ટારિયોની વસ્તીમાં ભવિષ્યમાં થનારા અંદાજિત વધારાથી તમામ પ્રકારના માળખાંની માંગમાં નોંધપાત્ર વધારો થશે. આ કારણે આ પ્રાંતે આગામી ૧૦ વર્ષમાં જાહેર માળખાંમાં ૧૩ બિલીયન ડોલરથી વધારેનું રોકાણ કરવાની યોજના બનાવી છે, જેમાં નીચે મુજબની બાબતો સામેલ છે:

- આગામી ૧૦ વર્ષમાં સંપૂર્ણ પ્રાંતમાં પરિવહનના માળખાં માટે ૨૯ બિલીયન ડોલર ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ ભંડોળ.
- ૨૦૧૪–૧૫ માં સમગ્ર પ્રાંતમાં હાઇવે પુનઃસ્થાપન અને વિસ્તરણની યોજનાઓ માટે કુલ ૨.૫ બિલીયન ડોલરનું રોકાણ.
- નવા કાયમી ૧૦૦ મિલિયન ડોલરના ફંડ મારફતે મ્યુનિસિપલ રોડ અને પુલોને પ્રોત્સાહન.

# ઓન્ટારિયોવાસીઓનું નિવૃત્તજીવન સુરક્ષિત કરવું




ઓન્ટારિયોવાસીઓને મદદ કરવા, ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા લોકોને, તેમનું નિવૃત્તજીવન સુરક્ષિત કરવા, ૨૦૧૪ ના ઓન્ટારિયોના બજેટમાં પ્રથમ વખત પ્રાંતીય પેન્શનલ પ્લાનની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જે કેનેડા પેન્શન પ્લાન (CPP) પર આધારિત છે.

સીપીપી (CPP)માં વધારો લાંબા ગાળે અર્થતંત્રમાં વિકાસ અને નોકરીઓનું સર્જન કરીને આર્થિક ફાયદો કરાવશે, જ્યારે કામ કરનારા તમામ કેનેડાવાસીઓ માટે વધુ સુરક્ષિત નિવૃત્તજીવન પૂરું પાડશે. કેન્દ્ર સરકારના સીપીપી (CPP) માં વધારો કરવા પર ચર્ચા બંધ કરવાના નિર્ણયને ધ્યાનમાં રાખીને, ઓન્ટારિયો સરકાર “મેડ-ઇન-ઓન્ટારિયો સોલ્યુશન” – ઓન્ટારિયો રિટાયરમેન્ટ પેન્શન પ્લાન (ORPP) વિકસાવશે.

ઓઆરપીપી (ORPP) માં નીચે મુજબ હશે:

- સીપીપી (CPP)ની મુખ્ય વિશિષ્ટતાઓ પર આધાર રાખીને એને વિકસાવાશે, જેમાં નિવૃત્તિમાં અંદાજિત માસિક ફાયદો સામેલ હશે, જેમાં ફુગાવાને ધ્યાનમાં રખાશે અને એ આજીવન આપવામાં આવશે
- યોગદાન દર નીચો રાખીને નિવૃત્તિ માટેની બચતમાં વધારો કરવામાં આવશે.
- ૨૦૧૭ માં દાખલ કરાશે, મોટી કંપનીઓથી શરૂઆત કરવામાં આવશે, જેમાં બે વર્ષનો યોગદાનનો તબક્કો સામેલ છે
- સીપીપી હાલમાં જે આવકની સપાટીને આવરે છે, એમાં વધારો કરવામાં આવશે.

# ઊર્જાના ખર્ચમાં ઘટાડો

સરકાર ઓન્ટારિયોવાસીઓને તેમની ઊર્જાના ખર્ચમાં મદદ કરે છે, જેમાં નીચેની બાબતો સામેલ છે:

- સમગ્ર વ્યવસ્થામાં છેલ્લા ૧૮ મહિનાથી ખર્ચમાં ઘટાડો, જેના પગલે લોકોના ખર્ચમાં ઘટાડો થશે, નહીં તો લોકોએ આગામી પાંચ વર્ષમાં ૫૨૦ ડોલર ચૂકવવા પડત.
- ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ પછી રહેણાક વપરાશકર્તાના વીજળીના બિલમાંથી ડેટ રિટાયરમેન્ટ ચાર્જનો ખર્ચ દૂર કરવાની દરખાસ્ત, જેના પગલે સામાન્ય રહેવાસી ચૂકવણીકર્તાને દર વર્ષે આશરે ૭૦ ડોલરની બચત થશે.

# વાજબી સમાજને પ્રોત્સાહન

ઓન્ટારિયોના તમામ રહેવાસીઓને તકો પૂરી પાડવામાં મદદ કરવા માટે સરકારની પહેલમાં નીચે મુજબની બાબતો સામેલ છે::

- ઓન્ટારિયો ચાઇલ્ડ બેનિફિટમાં  વધારો અને યાદી લંબાવવા માટે દરખાસ્ત રજૂ કરવી.
- દરમાં વધારા મારફતે સામાજિક સહાય વ્યવસ્થા સુધારણા જાળવી રાખવા અને કર્મચારીઓને મળનારા ફાયદા વ્યવસ્થિત કરવા.
- ઓછી આવક ધરાવતા પાડોશો અને ફર્સ્ટ નેશન રિઝર્વ્સમાં વધુ બાળકોને સેવા પ્રદાન કરવા સ્ટુડન્ટ ન્યુટ્રીશન પ્રોગ્રામનું વિસ્તરણ.
- લઘુતમ વેતન વધારીને ૧૧ ડોલર કરવું અને ઓછી આવક ધરાવતા કામદારો તેમજ ચોક્કસ વ્યવસાયોને ફુગાવા સામે લડવા યોગ્ય રીતે જોડવાની દરખાસ્ત..
- વિકાસને લગતી વિકલાંગતા ધરાવનારી પુખ્ત વ્યક્તિઓ અને સામુદાયિક સેવા ક્ષેત્રમાં અગ્રણી કામદારોને અપાતી સહાયમાં વધારો.
- સરકારી ભંડોળથી ચાલનારા ઘર અને સામુદાયિક સારસંભાળ ક્ષેત્રમાંના પર્સનલ સપોર્ટ વર્કર્સ, અને મોખરાના બાળ સારસંભાળ કામદારો માટે વેતનમાં વધારો કરવા માટે સહાય કરવી

# કેન્દ્ર સરકાર પાસેથી વાજબી વહેવાર માટે માંગણી

દર વર્ષે, કેન્દ્ર સરકાર તરફથી ઓન્ટારિયોને ખર્ચનો જે હિસ્સો મળે છે, એના કરતાં કેન્દ્ર સરકારની આવકમાં ઓન્ટારિયોનો હિસ્સો વધારે હોય છે. તેના પરિણામે, ઓન્ટારિયોના લોકો જે ચૂકવે છે તેની સામે તેઓ કેન્દ્ર સરકાર પાસેથી જે મેળવે છે, તેની વચ્ચે ૧ બિલીયન ડોલરનો ફરક છે.

ઓન્ટારિયો સરકાર કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરે છે કે:

- અન્ય પ્રાંતના રહેવાસીઓની જેમ જ ઓન્ટારિયોના નાગરિકો સાથે સમાન વ્યવહાર દાખવવામાં આવે.
- ૨૦૧૪–૨૦૧૫ માં મુખ્ય હસ્તાંતરણમાં ૬૪૧ મિલીયન ડોલરના ઘટાડામાંથી ઓન્ટારિયોને સંરક્ષણ આપવું, જે અગાઉ અન્ય પ્રાંતોને આપવામાં આવ્યું છે.
- માળખાંગત સુવિધાઓ માટે ભંડોળમાં નોંધપાત્ર વધારો, જેમાં રિંગ ઓફ ફાયર માટે માળખાંગત સુવિધા વિકસાવવા ઓન્ટારિયાની ૧ બિલીયન ડોલરની પ્રતિબદ્ધતા સામેલ છે.

# જવાબદારીનું વ્યવસ્થાપન

ઉચ્ચ કક્ષાની જાહેર સેવાઓ પ્રદાન કરાતી હોવા છતાં, બધા પ્રાંતોની સરખામણીમાં ઓન્ટારિયોનો માથાંદીઠ ખર્ચ સૌથી ઓછો છે. ઓન્ટારિયોએ ડોલરનો બગાડ સંપૂર્ણપણે દૂર કર્યો છે, પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને દરેક ડોલરનો ગણતરીપૂર્વક યોગ્ય દિશામાં ખર્ચ થાય તેવી સુનિશ્ચિતતા કરી છે.

આગળ જતાં સરકાર:

- ૨૦૧૪–૨૦૧૫ માટે ૨૫૦ મિલિયન ડોલર અને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માટે ૫૦૦ મિલિયન ડોલરની બચતનું લક્ષ્ય રાખનારા વાર્ષિક કાર્યક્રમની સમીક્ષા હાથ ધરશે.
- બજેટ સંતુલિત ન થાય ત્યાં સુધી પ્રાંતીય ધારાસભાના સભ્યોના પગારને સ્થગિત કરવાની માંગણી ચાલુ રાખશે.
- વ્યાપક જાહેર ક્ષેત્રમાં સીનિયર એક્ઝિક્યુટિવ્સના ભથ્થાં કે વળતર પર પ્રત્યક્ષ નિયંત્રણ રાખશે, જે કાયદો પસાર થવાને આધિન છે.
- ત્રણ વર્ષ સુધી સરેરાશ વાર્ષિક વૃદ્ધિ કાર્યક્રમ ખર્ચ ૧.૧ ટકા રાખશે.

# ૨૦૧૪
# ઓન્ટારિયો
# બજેટ

**ONTARIO.CA/BUDGET**

પર વધુ માહિતી મેળવો

કૉલ કરો ટોલ ફ્રી:1-800-337-7222

TTY ટોલફ્રી:1-800-263-7776

© ઓન્ટારિયો માટે ક્વીન્સ પ્રિન્ટર, ૨૦૧૪